॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥
॥ आयओ गुरुबहुमाणो ॥

'ઘર ભાંગે તે પહેલા' સિરિઝ – 3rd Book

# બધું જ ખલાસ થઈ જાય એ પહેલા

જો તમે દુઃખી દુઃખી થવાનું
નક્કી જ કરી દીધું હોય
તો પ્લીઝ ન વાંચતા

**પ્રિયમ્**

**अहो श्रुतम्**
શા.બાબુલાલજી સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
શ્રાવણ, વિ. ૨૦૭૬

ઘર ભાંગે તે પહેલા - સિરિઝ (૧) આકાશ તૂટી પડે એ પહેલા (૨) ધરતી ખસી જાય એ પહેલા (૩) બધું જ ખલાસ થઈ જાય એ પહેલા (૪) Save ફેમિલી (૫) આર્ટ ઓફ પેરન્ટીંગ (૬) ધ સર્જરી ઓફ પેરન્ટીંગ (૭) સંતાનોને ગુમાવતા પહેલા (૯) ડ્રોપ

# Either

## Or

ખલાસ
કદી થતું નથી હોતું.
આપણા દ્વારા કરાતું હોય છે.
ચાર વસ્તુ એવી છે.
જે ખલાસ થઈ જાય
I mean, ખલાસ કરાય,
એટલે બધું જ ખલાસ થઈ જાય છે.
કઈ છે એ ચાર વસ્તુ ?
કઈ રીતે એ ખલાસ કરાય છે ?
ને શું આવે છે એનું પરિણામ ?
જાણવું છે ?
તો આગળ વધો.
જીવનની નિર્ણાયક પળોનો નિર્ણય
આ પળોમાં થઈ જશે.
Wish you all the best.

✷

''જો મારે કથામાં જવું છે. એટલે તું રસોઈ બનાવી દેજે.'' સાસુએ વાત કરતાની સાથે વહુ બોલી ઉઠી. ''પણ, મારે ય કીટીપાર્ટીમાં જવાનું છે.'' સાસુ કહે, ''પણ, રસોઈ બનાવીને જજે ને. કોણ ના પાડે છે ?'' વહુ કહે, ''પણ હું રસોઈ બનાવીને જાઉં એટલી વારમાં કીટીપાર્ટી પૂરી થઈ જાય.'' ''તો હું રસોઈ બનાવીને જાઉં એમાં કથા પૂરી થઈ જાય.'' ''જુઓ, તમે કથામાં જાઓ ન જાઓ. તો ય રામ વનવાસમાં જવાના જ છે. સીતાનું હરણ થવાનું જ છે. લંકાદહન પણ થવાનું જ છે અને રામ-રાવણનું યુદ્ધ પણ થવાનું જ છે. પણ જો હું કીટીપાર્ટીમાં નહીં જાઉં, તો મારી બધી ફ્રેન્ડ્સ અહીં આવશે, ને મેં એ બધીને કહ્યું છે કે મારા સાસુ બે મહિના પહેલા ઓફ થઈ ગયા છે. તો એ બધા અહીં આવીને તમને જોશે તો કેટલું ખરાબ લાગશે ? માટે તમે જ રસોઈ બનાવીને જજો.

બધું જ ખલાસ થઈ જાય એ પહેલા મારે તમને ચાર વાત કરવી છે. જેમાં પહેલી વાત છે

**(૧) આમાન્યા ખલાસ** - સાસુ-વહુનો આ સંવાદ તમારા ઘરની આમાન્યાનો એક્સ-રે છે. હું તમને પૂછું છું કે આજે તમારી આમાન્યા ક્યાં રહી છે. **આપણી સંસ્કૃતિમાં એક આમાન્યા હતી કે સગી પત્નીને પણ 'તું' ન કહેવાય. 'તમે' કહેવાય. આજે તમારી આમાન્યા એટલી હદે ખલાસ થઈ છે, કે જ્યાં સગા પતિને તું કહી શકાય છે. આ હું ને તું એ તમારી બધી 'હુ તુ તુ તુ'ના મૂળમાં છે. એ તમને સમજાતું નથી.** તમારા દીકરાને એનું નામ પૂછવામાં આવે છે. ને એ બોલે છે. - પ્રતિક રાકેશ શાહ. એનો ભાઈ પણ ફક્ત 'રાકેશ' હોઈ શકે છે. એ ક્લાસમાં જેની સાથે ઝગડે છે એ પણ ફક્ત 'રાકેશ' હોઈ શકે છે. જે એની સોસાયટીમાં ઝાડુ લગાવે છે ને કચરો લઈ જાય છે એ પણ ફક્ત 'રાકેશ' હોઈ શકે છે. ને એના પપ્પા ય ફક્ત 'રાકેશ' જ છે. ત્યાં વાત બધી પૂરી થઈ જાય છે.

હવે એ છોકરો તમને પગે લાગે, તમારું માને, તમારું ઈન્સલ્ટ ન કરે, તમારી સેવા કરે, તમને ઘરડે-ઘડપણ સાચવે-એ તમે ભૂલી જાવ. એ 'પ્રતિક' છે ને તમે 'રાકેશ' છો. આ ઈક્વિલિટી છે. ઈક્વિલિટીમાં આમાન્યા હોતી જ નથી.

**'રાકેશ' કદી રિસ્પેક્ટેબલ ન હોઈ શકે. રાકેશભાઈ રિસ્પેક્ટેબલ હોઈ શકે. 'રાકેશ' નથી વડીલ હોતા, નથી પપ્પા હોતા, નથી ઉપકારી હોતા, નથી સેવનીય હોતા કે નથી માનનીય હોતા, રાકેશ ફક્ત એક પર્સન હોય છે. જેમની સાથે એક 'પર્સન' તરીકેનું જ કોમ્યુનિકેશન કરવાનું હોય છે.**

'રાકેશ' ના લેવાય એટલા બેનિફિટ્સ લેવાય. રાકેશ સાથે વાત કરાય. રાકેશની વાત ગમે તો મનાય, ન ગમે તો ઠુકરાવાય. રાકેશ આપણી ઈચ્છાની આડે આવે તો એમની સાથે ઝગડાય, રાકેશ બહુ ટક ટક કરે તો એમને દુશ્મન તરીકે જોવાય - આ છે 'રાકેશ' પ્રત્યેનું ઔચિત્ય (!)

'રાકેશ' અકળાય છે, ''હું એનો બાપ છું. મેં એની પાછળ જાત નિચોવી છે, હું એનો ઉપકારી છું, એણે મારું માનવું જોઈએ. એણે મારો આદર કરવો જોઈએ. એણે મારું અપમાન ન કરવું જોઈએ. પણ 'રાકેશ' એ સમજી શકતો નથી કે 'રાકેશ'ની આ બધી અપેક્ષાઓ પૂરી થવી શક્ય જ નથી. હા, 'રાકેશભાઈ' ની આ બધી અપેક્ષાઓ પૂરી થઈ શકે. પણ 'રાકેશભાઈ' નો તો રાકેશે જન્મ જ થવા નથી દીધો.

એક સ્કુલમાં હું પ્રવચન આપવા ગયો હતો. હજી પ્રવચનને થોડી વાર હતી. ગામડાની એ સ્કુલ. બાળકો એક શિક્ષકને પગે લાગતા હતા. શિક્ષક આધુનિક વિચાર ધરાવતા હશે. એ જે બાળક પગે લાગે એને પગે લાગવાની ના પાડીને શેક-હેન્ડ કરતા શીખવાડતા હતા.

**એ શું શીખવાડતા હતા ? હું ગુરુ નથી, તમે શિષ્ય નથી. We are just friends. એ શું શીખવાડતા હતા ? તમારે મારો વિનય કરવાની જરૂર નથી, એ શું શિખવાડતા હતા ? મન ફાવે તો ભણજો નહીં તો મન ફાવે એમ કરજો. હું તમારો ઉપરી નથી.**

છગને એના છોકરાને કહ્યું, ''જો આ વખતે ૯૫% લાવવાના છે.'' છોકરો કહે, ''ના, આ વર્ષે તો ૧૦૦ % લાવીશ. છગન નારાજ થઈ બોલ્યો, ''જો મજાક ન કર.'' છોકરો કહે, ''પપ્પા તમે જ તો શરૂઆત કરી.''

પ્રણામમાં વિનય અને સમર્પણ હતું. વિદ્યા અને સદાચારનું મૂળ હતું. શેક હેન્ડ-નો અર્થ છે આપણે બંને ફ્રી છીએ. સ્વચ્છંદ છીએ. 'મને મન ફાવે એમ હું કરીશ, તને મન ફાવે એમ તું કરજે.' બસ આમાં આખી સ્કુલ ધરાશાયી થઈ જાય છે.

જ્યારે તમારા સંતાનને તમારા પ્રત્યે આ ભાવ આવે છે ત્યારે ઘર ધરાશાયી થઈ જાય છે. અમારા વિકાસનો સંપૂર્ણ આધાર એના પર હોય છે, કે અમને ગુરુની કેટલી આમાન્યા છે. તમારા સંતાનોના વિકાસનો સંપૂર્ણ આધાર એના પર હોય છે. કે એમને તમારી કેટલી આમાન્યા છે ? હું તમને પૂછું છું, તમે તમારા સંતાનમાં કેટલી આમાન્યા તોડી ચૂક્યા છો એનો તમને ખ્યાલ છે ?

**તમે 'રાકેશ' બનો અને આમાન્યા તૂટે છે, તમે કપડામાં બે સ્ટેપ નીચે ઉતરો એટલે આમાન્યા તૂટે છે. તમે આઉટ ઓફ વિવેક જઈને મોબાઈલને ચોંટી રહો એટલે આમાન્યા તૂટે છે. તમે સંતાનની હાજરીમાં બેફામ વાણી વહાવી શકો એટલે આમાન્યા તૂટે છે. તમે સંતાનની હાજરીમાં બેહુદું વર્તન કરી શકો એટલે આમાન્યા તૂટે છે.**

શિષ્યના સમર્પણનો બહુ મોટો આધાર એના પર પણ હોય છે કે ગુરુએ આંતરિક ઉંચાઈ કેટલી કેળવી છે ? ગુરુનું જ્ઞાન, સંયમ, કરુણા, વાત્સલ્ય, આચારચુસ્તતા, નિઃસ્પૃહતા - આ બધું બેજોડ હોય, ત્યારે શિષ્ય માટે સમર્પણ દાખવવું ખૂબ સરળ બની જાય છે.

દાદા ગુરુદેવ પ્રેમસૂરિજી સાથે કાયમ પચાસ શિષ્યો રહેતા. ચોમાસું કરવા મોકલ્યા હોય તો ભારે હૈયે જતા. ને પૂરું થતા દોડીને પાછા આવતા. તમારા સંતાનો તમારી સામે જોવા તૈયાર ન હોય, એનું કારણ

ફક્ત બહારના પ્રલોભનો જ છે કે આપણે પણ છીએ. એ સવાલ આપણે આપણને પૂછવાનો છે.

અમારા એક આચાર્ય ભગવંત થઈ ગયા. પૂ. ત્રિલોચનસૂરિજી મહારાજ. વર્ષીતપ ચાલતો હતો. સાંજે બેસણું કર્યું. પોતાની જગ્યાએ આવ્યા. કોઈને થોડી હિતશિક્ષા આપી, ગુરુદેવને પૂછ્યું, ‘‘પાણી વપરાશે ?’’ ગુરુદેવે કહ્યું, ‘‘ટાઈમ થઈ ગયો.’’ એક્ચ્યુલી સામે સૂરજ દેખાતો હતો. હજી સનસેટ ન’તો થયો. ગુરુએ મિસ-અંડરસ્ટેન્ડિંગથી એવું કહીં દીધું હતું, છતાં પૂ. ત્રિલોચનસૂરિજી મહારાજે પાણહાર પચ્ચક્ખાણ કરી દીધું.

**તમારો દીકરો પોતે મિસ-અંડરસ્ટેન્ડિંગમાં હોય, ને તમે બધી રીતે સાચા હોય, તો ય એ તમારું માનવા તૈયાર નથી. કારણ કે તમે તમારી આમાન્યા ગુમાવી ચૂક્યા હો છો.**

તમારી ઈચ્છા કાયમ કોલેજ-બોય ને કોલેજ-ગર્લ બની રહેવાની હોય છે. એ બનવાની લ્હાયમાં લાયક મા-બાપના પદને તમે લાયક રહેતા નથી. ને કોલેજ બોય-ગર્લ તરીકે તમે ફક્ત દેખાડો કરી શકો છો. કારણ કે એ સમય હકીકતમાં વીતી ગયો હોય છે.

છગનનો છોકરો સ્કુલે ગયો હતો. ટિચરે કહ્યું, ‘‘હું ભૂત-વર્તમાન-ભવિષ્યનું એક ઉદાહરણ આપું છું. પછી તમે મને એક ઉદાહરણ આપજો. હું સુંદર હતી. હું સુંદર છું. હું સુંદર રહેવાની છું.’’ છગનના છોકરાએ કહ્યું, ‘‘આ તમારો વહેમ હતો. આ તમારો વહેમ છે અને આ તમારો વહેમ રહેવાનો છે.’’

આમાન્યા. હું તમને પૂછું છું તમે કોઈ મહિલાનું નામ બહેન લગાડીને જ બોલતા હતા, એ તમે કેમ બંધ કર્યું ? ફલાણા બહેન - આમાં આદર અને સદાચાર બંને હતા. આપણામાં એક સભાનતા રહેતી કે મેં એમને બહેન કહ્યા છે. આપણી આંખો કાબુમાં રહેતી. આપણી વાણી સંયમમાં રહેતી. આપણે કોઈ રેખા ઓળંગતા નહીં. અને હવે ? **‘ફલાણા બહેન’ ફક્ત ‘ફલાણા’ બની ગયા એટલે હવે ‘બહેન’ શબ્દ સાથે જોડાયેલી બધી**

**જ ફીલિંગ્સ જતી રહી. શબ્દ એ ફક્ત શબ્દ નથી હોતો. જીવનપ્રતિબિંબ પણ હોય છે. આંતરવૃત્તિઓનું દર્પણ પણ હોય છે.**

કેટલી સિફતથી ફક્ત એક શબ્દ ઉડાડવા દ્વારા આદર અને સદાચાર ઉડાવાઈ રહ્યા છે. આનો તમને ખ્યાલ આવ્યો ખરો ?

આમાન્યા ખલાસ થઈ જાય છે, ત્યારે બધું જ ખલાસ થઈ જાય છે. 'આમાન્યા' ને બચાવી લો. બીજું બધું જ બચી જશે.

**(૨) આત્મીયતા ખલાસ** - ૧૧ વર્ષના બાળકને પપ્પાએ મોબાઈલ અપાવ્યો. મોબાઈલ સાથે ગાળવાના એના કલાકો વધતા જ ગયા. દિવસ ને રાત બંધ બારણે એ બાળક ઓન લાઈન રહેવા લાગ્યો. બધી સોશિયલ સાઈટ્સ પર એના એકાઉન્ટ્સ હતા. થોડો સમય ગયો ને એના પપ્પાએ એને નેટ કનેક્શન વાળું લેપ-ટોપ લાવી આપ્યું.

બાળકની મમ્મી શિક્ષિકા હતી. આ બધાના નુકશાનોને એ જાણતી હતી. પણ એ લાચારપણે જોયા કરતી હતી.

**સાધનોથી તમારું સંતાન સુખી થશે, એ તમારી ભ્રમણા હોય છે. સાધનો જ્યારે સ્વજનો બની જાય છે, ત્યારે માણસ ખરા સ્વજનોથી વિખૂટો પડી જાય છે. પરિવાર વગરની એક એકલી વ્યક્તિ જે દુનિયાના બધા જ ન્યૂસન્સના સંપર્કમાં આવતી હોય, એનો જેવો ઉછેર થાય એવો ઉછેર આજે તમારા સંતાનોનો થઈ રહ્યો છે, એની તમને કેટલી ચિંતા છે ?**

ઓનલાઈન જેટલા સંપર્કો વધતા જશે, તેટલા ઓફલાઈન સંપર્કો તૂટતા જશે. સાધનો એ સુવર્ણમૃગ છે. એમનામાં આકર્ષકતા છે, પ્રલોભનો છે, ચળકાટ છે, સુખ માટે આશાસ્પદતા છે, પણ એમના પનારે પડવા જતા જીવન રામાયણ થઈ જાય છે.

બાળક ઘણી બધી બાઉન્ડ્રીઝ ઓળંગી રહ્યું છે, એની રૂમના દરવાજા બંધ છે, પણ મમ્મીની સમજણના દરવાજા ખુલ્લા છે, છેવટે મમ્મીએ

એનું નેટ કનેક્શન કપાવી નાંખ્યું. પંદર વર્ષના એ બાળકે મમ્મી સાથે ભયંકર ઝગડો કર્યો, એનો ગુસ્સો ચરમ સીમાએ પહોંચ્યો, એ દોડ્યો, એ રસોડામાંથી ચપ્પુ લઈ આવ્યો. મમ્મીને ખતમ કરી દેવા માટે એ મરણિયો બન્યો. મમ્મીએ ચીસાચીસ કરી મુકી.

**હું તમને પૂછું છું. તમારા સંતાનો ક્યાં સુધી પહોંચ્યા છે એની તમને ખબર છે ? બે વર્ષના બાબાને ફોન આપીને તમે ટેમ્પરરી છૂટ્ટા થતા હો છો, ત્યારે તમે પરમેનન્ટ કેટલા બંધાતા હો છો એનો તમને ખ્યાલ છે ?**

અમારી એક આચારસંહિતા છે. મારા શિષ્ય કોઈને પત્ર મોકલશે તો મને વંચાવીને મોકલશે, અને મારા શિષ્ય પર કોઈનો પત્ર આવ્યો હશે, તો એ કવર પહેલા હું ખોલીશ, વાંચીશ, પછી એમને આપીશ. શિષ્યે લખેલ પત્ર ગુરુને ઉચિત લાગશે પછી મોકલાશે. ગુરુને લાગે છે કે આટલો સુધારો જરૂરી છે, તો એટલો સુધારો કરીને ફરી ગુરુને બતાવીને મોકલવાનો રહે. ગુરુને લાગે કે આ પત્ર મોકલવા જેવો નથી તો ન મોકલાય. ગુરુ પાસે શિષ્ય માટેનો પત્ર આવે. તે ગુરુને યોગ્ય ન લાગે તો શિષ્યને ન આપે. આમ શિષ્યનું Outgoing-Incoming બધું જ ગુરુના માધ્યમે આવે. શિષ્યની સંપૂર્ણ સુરક્ષા થઈ જાય.

**આજે તમારી ચૌદ વર્ષની દીકરી પણ સંપૂર્ણ અસુરક્ષિત છે. કારણ કે એનું Incoming પણ ડાઈરેક્ટ છે અને Outgoing પણ ડાઈરેક્ટ છે. હજારો જૈન દીકરીઓ Intercast અને મુસ્લિમ સુધી પરણી ગઈ એ આપણી ખરી ટ્રેજેડી નથી, હજી તમારા પેટમાં ફાળ પડી નથી એ આપણી ખરી ટ્રેજેડી છે. દીકરી લગ્નના આગલે દિવસે ભાગી જાય છે એ તમારી કરુણતાનું મૂળ નથી, તમારી દીકરીને જુદો રૂમ, જુદો ફોન, જુદી બાઈક ને જુદી જિંદગી જીવવાની તક મળી શકે એ તમારી કરુણતાનું મૂળ છે.**

હું તમને પૂછું છું, તમે તમારા બાપ-દાદા કરતા ગમે તેટલા વધારે

રૂપિયા કમાયા હો, કહેવાતો વિકાસ તમે ગમે તેટલો કરી લીધો હોય, તમારા ઘરના જો બધા જ 'જુદા' થઈ ગયા છે તો તમે કમાણી કરી છે કે નુકશાની ?

આત્મીયતા વિના બધું જ વ્યર્થ છે, ને જ્યાં સાધનો છે ત્યાં આત્મીયતા ટકવી બહુ જ મુશ્કેલ છે. આજે જે ઘરમાં કોઈ જ સાધનો નથી, ત્યાંનું વાતાવરણ જોઈ આવો ને તમારા ઘરના વાતાવરણ સાથે મેચ કરો. તમારું શું ખલાસ થઈ ગયું છે એ તમને સમજાઈ જશે.

છગનનો છોકરો વાડીમાંથી કેરી તોડતો હતો. માળીએ જોઈ લીધો. તાડુક્યો, ''ઉતર નીચે, હમણાં તારા ઘરે જઈને તારા પપ્પાને કહું છું.'' છગનનો છોકરો કહે, ''પપ્પા ઘરે નહીં મળે.'' ''કેમ ?'' ''એ બાજુનાં ઝાડ પર છે.''

તમે જ સાધનોથી લપેટાયા હશો, તો સંતાનોના બચવાનો સવાલ જ ક્યાં આવે  છે ?

સગો દીકરો ચપ્પુ લઈને મમ્મી સામે ધસી આવ્યો છે. આપણે ચિત્કારી ઉઠશું - હાય હાય - આ શું થઈ ગયું ? હવે શું થશે ? હું કહું છું. આ ફક્ત એની જ વાત નથી, આપણા ઘરની પણ વાત છે. એક સાધનની માયાજાળ ધર્મસંસ્કારો પ્રત્યેની આત્મીયતાની છાતીમાં ચપ્પુ હુલાવી દે છે. ને એનું ખૂન થઈ જાય છે. એક ફોરેન-જોબ કે બહાર ગામ-જોબનું પ્રલોભન પરિવાર પ્રત્યેની આત્મીયતાને ચપ્પાથી પતાવી છે. એક આંતરજ્ઞાતીય છોકરા/છોકરીનું આકર્ષણ મા-બાપની લાગણીનું ભયંકર મર્ડર કરી દે છે.

આત્મીયતા ક્યાં છે ? મા-બાપ માંદા છે ને છોકરો મોબાઈલમાં છે. મા-બાપનું ડેડ-બોડી ઘરમાં પડ્યું છે ને છોકરો મોબાઈલમાં છે. મા-બાપની ચિતા સળગી રહી છે ને છોકરો મોબાઈલમાં છે.

**જે કારણથી પશ્ચિમી દેશો ડિપ્રેશનમાં ધકેલાઈ ગયા છે, જે કારણથી**

**ત્યાં મનોચિકિત્સકોનો ધંધો ધૂમ ચાલે છે, જે કારણથી ત્યાંના લોકોએ કૂતરાને જ લાગણીનો સ્રોત બનાવવો પડે છે, જે કારણથી ત્યાં પરિવાર શબ્દ શબ્દકોશમાં જ રહી ગયો છે, એ કારણો આપણે અહીં લાવવા માંગીએ છીએ ?**

એક બાજુ પશ્ચિમનું આક્રમણ છે, બીજી બાજુ કોલેજ કલ્ચરનો સડો ભયાનક બન્યો છે, ત્રીજી બાજુ મીડિયા હદ બહાર નીચે ઉતરી ચૂક્યું છે, ચોથી બાજુ લવ જેહાદ કાળો કેર વર્તાવી રહ્યું છે. એ સમયે ચારે બાજુની આગથી શ્રીસંઘને બચાવી લેવાની બદલે કેટલાકોને જાણે-અજાણે સંઘની અંદર જ આગ લગાડવાનું સૂઝે છે.

હું પૂછું છું જે સંઘની પવિત્ર પરંપરામાં બહેનોનું જાહેરમાં ભક્તિનૃત્ય જ પ્રતિષિદ્ધ છે, તેમાં જૈન સંગીત સ્પર્ધા અને જૈન નૃત્ય સ્પર્ધાને નામે જૈન દીકરીઓ બેફામ નૃત્ય કરીને જાહેરમાં તેના વિડિયો મુકે એ કઈ રીતે ચાલે ? વધુ લાઈક્સ મેળવવા એ નટડી કરતા ય નીચો ડ્રેસ પહેરીને છડે ચોક દેહપ્રદર્શન કરે એ કઈ રીતે ચાલે ? એ વિડિયો પુરૂષો તો જુએ જ, હાલી, મવાલી, લુચ્ચા, લફંગા, ઐયાશ, જાળ બિછાવનાર, કન્યા-શિકારીઓ, છેલ્લામાં છેલ્લી કોમવાળા પણ જુએ એ કઈ રીતે ચાલે ?

**શું તમને ખબર નથી કે એ દીકરીઓનો આ નાચ એમના સત્યાનાશનું કારણ બની શકે છે ? શું તમને ખબર નથી કે આપણી એક દીકરીને ફસાવવાના એમને લાખો રૂપિયા મળે છે. શું તમને ખબર નથી કે એ કન્યાઓના સ્પર્ધાના નામે જાહેર થયેલ નામ, સરનામા વગેરેની માહિતીનો લવ-જેહાદ માટે પૂરો ઉપયોગ થાય છે ?**

આ જ જૈન સંગીત-નૃત્ય સ્પર્ધાના પાપે તાજેતરમાં જ અમદાવાદની એક જૈન દીકરી લવ-જેહાદનો શિકાર બનીને સંપૂર્ણપણે બરબાદ બની ચૂકી છે. કેટલીક જૈન સંસ્થાઓ જૈન રસોઈ સ્પર્ધા યોજે છે, જેમાં છોકરા-છોકરીઓ સાથે રસોઈ બનાવે છે, સોશિયલ મીડિયા પર તેમના વિડિયોઝ આવે છે, ડેટા આવે છે, મારે તેમને પૂછવું છે કે તમને કેમ આવું બધું

ગાંડપણ સૂઝે છે ? શું તમને જિનશાસનનો કોઈ પરિચય જ નથી ? સદ્ગુણો અને સદાચારના પ્રોત્સાહક ૧૦૦ સ્પર્ધાઓના વિકલ્પો આપવા હું તૈયાર છું. તમારી તાકાત હોય, ક્ષમતા હોય, ફંડ હોય તો આપણી દીકરીઓના જિન્સ છોડાવીને બતાવો, એમને જેની-તેની સાથે ભાગી જવાથી બચાવો, એમને શિકારીઓ દ્વારા ચૂંથાઈ જતી બચાવો, એમને આ કોલેજ કલ્ચરથી બચાવો.

આવું કશું તમારે કરવું નથી. એ બધા જે પ્રવાહમાં ઓલરેડી ઢસડાઈ રહ્યા છે, એ જ પ્રવાહના તમારે આયોજનો કરવા છે, તમારે હિંદી, ઈંગ્લીશ-મુવી અને જૈન સ્તવનના ત્રિવેણી સંગમમાં આપણી દીકરીઓને નચાવવી છે ને એમના શરીરનું અને નાચનું પ્રદર્શન વાસનાભૂખ્યા વરૂઓ સુધી પહોંચી શકે એવી જાણે-અજાણે ય વ્યવસ્થા કરવી છે તો મારે તમને લવ-જેહાદના એક ભાગ ન સમજી લેવા જોઈએ?

**ઘર ફૂટે, ઘર જાય, મારી બે હાથ જોડીને તમને વિનંતિ છે કે તમારી ઘર ફોડવાની આ પ્રવૃત્તિને મહેરબાની કરીને બંધ કરો, તમારે આયોજન જ કરવું છે તો એવું આયોજન કરો જેનાથી આ જિનશાસનનું ઘર ન ફૂટે, તમે પ્રતિજ્ઞા લો કે હવે એક પણ જૈનની દીકરી 'જૈન' સિવાય ન પરણે એ જવાબદારી અમારી. તમે સંકલ્પ કરો કે હવે મેડોના બનવા દોડતી આપણી દીકરીને મયણા બનાવવાની જવાબદારી અમારી. તમે સંકલ્પ કરો કે જૈન દીકરા-દીકરીઓ હવે સ્વપ્નમાં પણ દારૂને હાથ ન લગાડે એ જવાબદારી અમારી.**

પ્રવાહમાં ઢસડાતા જીવોને એ જ પ્રવાહમાં વધુ તણાવવામાં તો તમારી કઈ બહાદુરી છે ? 'સ્ત્રી' પાછળ તો બધા પાગલ જ છે. એમના પાગલપણાને ઉકસાવીને બહોળો પ્રતિસાદ મેળવવામાં તમારું કયું કૌશલ્ય છે ? તમે બધાને શાસન પ્રત્યે પાગલ બનાવી દો તો તમે ખરા શક્તિશાળી ?

**આજે આડકતરી રીતે જિનશાસનની દોર મોટા માથાઓએ હાથમાં**

**લીધી છે, મોટા માથાઓને કોઈ 'ગુરુ' ફાવતા નથી ને ગુરુ વિના જ્ઞાન હોતું નથી. જ્ઞાન વિનાની શક્તિ સ્વ-પર બંનેને નુકશાનકારી બની રહે છે. એમને હોળીના આયોજનો ફાવે છે. ઓળીના આયોજનો ફાવતા નથી. એમને રાત્રિભોજનના આયોજનો ફાવે છે, એમને ચોવિયારના આયોજનો ફાવતા નથી. એમને નવરાત્રિના આયોજનો ફાવે છે, એમને શાસનસ્થાપનાનો દિવસ ક્યારે આવ્યો ને ક્યારે ગયો એનો ખ્યાલ પણ હોતો નથી.**

જિનશાસનની કથળતી સ્થિતિ માટે કેટલાય પુણ્યાત્માઓ લોહીના આંસુ પાડે છે, એમનું જો ચાલે તો સમર્થ સાધ્વીજીઓની નિશ્રામાં વર્ષમાં ચાર વાર જબરદસ્ત શિબિરોનું આયોજન કરે. એક સાથે હજારો સંસ્કારશિબિરો ચાલતી હોય એવો અદ્ભુત માહોલ ખડો કરે. એમની જો શક્તિ પહોંચે તો એક એક પાઠશાળાને ધમધમતી કરી દે. એમની પાસે જો આર્થિક બળ હોય તો એક-એક જૈન દીકરાને વસ્તુપાળ ને તેજપાળ બનાવવાની શૈક્ષણિક વ્યવસ્થા કરી દે, જો એમની પહોંચ હોય, તો ભાવિના સમસ્ત અગ્રણીઓનું આજથી જ એવું ઘડતર કરી દે કે એમની નસ નસમાં જિનશાસન વહેવા લાગે...

પણ કા...શ... એમની એવી કોઈ જ શક્તિ નથી. ને જેમની શક્તિ છે, એમને આવું કશું ય કરવામાં કોઈ જ રસ નથી.

**હું કહું છું, ભલે તમારી મરજી. તમારા હૃદયમાં એવો શાસનપ્રેમ ન હોય, અને તમારે એવા સત્કાર્યો ન જ કરવા હોય, તો અમે તમને જબરદસ્તી તો ન જ કરી શકીએ, ભલે, તમે ન કરતા, પણ શાસનને ખાંડવાના કામો તો બંધ કરી દો, એવા કામો કરવાનો તમને શો અધિકાર છે ?**

હું તમને પૂછું છું, શું ભારતમાં એવા એક લાખ જૈનો પણ ન હોય, જે આવા કોઈ પણ આયોજનો સામે વિરોધ નોંધાવે. જૈન સંસ્થા ફિલ્મી ગીતો પર બહેનોને જાહેરમાં નચાવે ને આપણે ખામોશ રહીએ ? જૈન સંસ્થા બેફામ હોળીના આયોજનો કરે, સંઘે સંઘે બેનર મુકે એમાં બેશરમ

યુવક-યુવતીના ચિત્રો હોય, ને આપણું લોહી ઉકળી ન જાય ? જૈન સંસ્થા ક્રિકેટના આયોજનો કરે ને આપણે જોયા કરીએ ? જૈન સંસ્થા જૈન લેડીઝ ક્રિકેટ યોજે ને આપણા પેટનું પાણી ય ન હલે ? જૈન સંસ્થા સોશિયલ મીડિયા-કોમ્પિટિશન્સ દ્વારા લવ-જેહાદીઓનું કામ કરી દે ને આપણને કોઈ ફરક જ ન પડે ?

હું તમને કહું છું કે આવા સમયે મૌન રહેવું એ પણ મહાઅપરાધ છે. છ-છ ને આઠ-આઠ કલાક મોબાઈલ પકડી રાખનારાઓને મારે કહેવું છે - એક મિનિટ શાસન માટે કાઢો. સખત-ઝાટકણી કરતો એક વિરોધ સંદેશ મોકલી દો. એક સાથે  એક લાખ સંદેશ આવા જાય તો પછી કોની મજાલ છે કે જિનશાસનને ટચ પણ કરી શકે.

**નાચનારા ગુનેગાર છે, આયોજકો વધુ ગુનેગાર છે, ને ચૂપચાપ જોયા કરનારા ને શાસનનો દાટ વળી જતો હોવા છતાં ઉપેક્ષા કરનારા એક અપેક્ષાએ એનાથી ય વધુ ગુનેગાર છે.**

હું તમને પૂછું છું, તમારો વિરોધ સંદેશ જશે ? કે પછી તમે ઘર સંભાળીને બેસશો ? એ સંસ્થામાં તમારા કેટલાક સંબંધીઓ છે, કેટલાક મિત્રો છે, તમારે એમની સાથે સંબંધ સાચવવો છે, તમારે કોઈને ખરાબ નથી લગાડવું, આપણે શા માટે અળખામણા થવું એ તમારો યક્ષપ્રશ્ન છે, 'શાસન માટે' એ એનો સીધો જવાબ છે, પણ એ જવાબ તમને કદી જડતો જ નથી. અરે, તમે પોતે એ સંસ્થાના સભ્ય છો. આ તો આપણું આયોજન, એનો વિરોધ કેમ કરાય, એમ થોડી આટલી (?) બાબત માટે એમાથી નીકળી જવાય ?

મને કહેવા દો કે તમારે કોઈ વ્યક્તિ કે ઊંધા-ચત્તા આયોજનો કરતી સંસ્થા સાથે સંબંધ સાચવવો છે ? કે શાસન સાથે સંબંધ સાચવવો છે. આ પાપોથી ભારે થઈને કાલે ઉઠીને દુર્ગતિમાં જશો ત્યારે જેમના સંબંધને ખાતર આ પાપો બાંધ્યા એ કોઈ તમને બચાવવા આવવાનું નથી. બચાવનાર છે માત્ર ને માત્ર જિનશાસન તો શું એને જ વળગી રહેવું. એ સારું નહીં ?

સકલ શ્રીસંઘને મારી હાથ જોડીને વિનંતિ છે કે આપણી દીકરીઓ ને વહુઓ આપણું ઘરેણું છે, એને જાહેરમાં લાવવાનું જોખમ ઉઠાવવાનું બંધ કરી દો. આ બધી સંઘદ્રોહની પ્રવૃત્તિ છે. સંઘની એક પણ દીકરી કે વહુનો ફોટો/વિડિયો કે ડેટા સોશિયલ મીડિયામાં ન જ હોવો જોઈએ. જેમાં મહિલા-સભ્યો ઈન્વોલ હોય એવી કોઈ સ્પર્ધા વગેરે સોશિયલ મીડિયા પર ન લાવવું. ઓલરેડી જે આવી ગયું હોય એ ડિલિટ કરવું જોઈએ.

મુંબઈથી એક ભાઈ મારી પાસે આવ્યા, મારી પાસે આ બધી વ્યથા રજુ કરી, ને મને કહ્યું કે, ‘‘સાહેબ, અમદાવાદ, મુંબઈ, સુરત અને બેંગલોરમાં લવ જેહાદ માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ થાય છે એના મારી પાસે પુરાવા છે. સુરતનો એક તાજો દાખલો. મુસલમાન છોકરાએ જૈન દીકરીને ફસાવી. એને ભગાડી ગયો. હાથ-પગ જોડવા છતાં ન માન્યો. રૂપિયાની માંગણી કરી. ૫૦ લાખ રૂપિયા પડાવ્યા. ને છતાં દીકરી પાછી આવી નથી.’’

**હું તે તમામ આયોજકોને પૂછવા માંગું છું કે તમારી દીકરી સાથે આવું થાય એ તમને મંજૂર છે ? ના ને ? તો સંઘની દીકરીઓ માટે આ લાગણી કેમ નહીં ? એમનું જીવન બરબાદ થાય એ બધી રીતે ખાડે જાય એવું વર્તન શા માટે ? કારણ એ જ - આપણી આત્મીયતા ખલાસ થઈ ગઈ છે.**

આપણે જેને છેલ્લામાં છેલ્લી કોમ કહીએ એ કોમે એક જગ્યાએ નિર્ણય કર્યો છે કે ‘દીકરીઓએ મોબાઈલ ન રાખવો.’ હું તમને પૂછું છું. આપણે એવો કોઈ જ નિર્ણય ન કરી શકીએ. એનો અર્થ એ જ છે ને, કે આપણે એમના કરતા પણ જઈએ એવા છીએ ?

**આત્મીયતા ઊભી કરો. કોઈ કોમ કે ધર્મને પછી દોષ દેજો. આપણે કબૂલવું પડશે કે આપણી દીકરીઓનું નખ્ખોદ વાળવામાં આપણો ય ઘણો હાથ છે. આત્મીયતા ખલાસ થઈ જાય એટલે બધું જ ખલાસ થઈ જવાનું છે.**

ચાકુ લઈને છોકરો સગી માનું ખૂન કરવા દોડ્યો છે. મમ્મીએ ચીસાચીસ કરી મુકી છે. પપ્પા દોડી આવે છે. મમ્મીને બચાવે છે. છોકરા પાસેથી

ચાકુ ઝૂંટવીને એને ચાર લાફા મારી દે છે. પણ છોકરાની સ્થિતિ આઉટ ઓફ કન્ટ્રોલ છે. પપ્પાને ડાઉટ જાય છે. છાકરોને હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવે છે. પણ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હોય છે. ડોક્ટરો નિદાન કરે છે. એ અનેક માનસિક રોગોનો શિકાર બની ચૂક્યો છે.

મેં આ સત્ય ઘટના છ વર્ષ જુના એક જૈન માસિકમાં વાંચી હતી. જેનું નામ હતું શાંતિ સૌરભ. તેમાં લખ્યું હતું કે આ છોકરો ત્રણ મહિનાથી હોસ્પિટલમાં જ છે. સાધનોના ઉપયોગથી એને જે માનસિક રોગો લાગુ પડ્યા છે, એનો ઈલાજ ચાલુ છે. પણ હજી સુધી કોઈ ફરક પડ્યો નથી.

**(૩) આનંદ ખલાસ** - છગન રસ્તા પરથી જતો હતો, એણે જોયું કે એક ભિખારી એક પાટિયું મૂકીને સૂઈ ગયો હતો. પાટિયા પર લખ્યું હતું. 'સિક્કા નાખીને ઉંઘમાં ખલેલ કરવી નહીં, નોટ મુકજો.'

ભલે હસવાની વાત છે, હું તમને પૂછું છું, એક ભિખારી પાસે જે જીવનરસ છે, જે મોકળાશ ને હળવાશ છે, જે સ્વસ્થતા છે એ ય તમારી પાસે ખરો ? જો ના, તો તમને આ બધું ભેગું કરીને કમાયા શું ? ને એણે ગુમાવ્યું શું ?

**સુખના જેટલા સાધનો તમે લઈ આવ્યા એમણે જ તમારા ખરા આનંદનો ભોગ લઈ લીધો. જરૂરિયાત કરતા જેટલા વધુ રૂપિયા તમે કમાયા, એ જ ખરા આનંદને સ્વાહા કરી ગયા. હું તમને ફરી પૂછું છું તમે મેળવ્યું શું ?**

અબજો રૂપિયા છતાં આનંદ નથી. મિનિસ્ટરની સીટ છતાં આનંદ નથી. સમાજમાં મોટું નામ છતાં આનંદ નથી. વર્લ્ડ ટુર લગાવીને મનોરંજન માટે બધાં જ ફાંફા માર્યા છતાં આનંદ નથી.

શા માટે નથી ? કારણ કે એ ખલાસ થઈ ગયો છે. શા માટે ખલાસ થઈ ગયો છે ? કારણ કે આનંદ પામવાના આપણા બધા જ પ્રયાસ હકીકતમાં આનંદને ખલાસ કરી દેવાના પ્રયાસો હતા.

લફરા કરી ચૂકેલી વ્યક્તિને પૂછો આનંદ ક્યાં છે ? કૌભાંડો કરી ચૂકેલા વેપારીને પૂછો આનંદ ક્યાં છે ? કાવાદાવા કરી ચૂકેલા રાજકારણીને પૂછો આનંદ ક્યાં છે ? આનંદ ખલાસ થઈ ચૂક્યો છે.

આનંદ તો ભીતરી વસ્તુ છે. બાહ્ય વસ્તુ એનું વિઘ્ન બની શકે, એનું શત્રુ બની શકે, એનું લૂંટારું બની શકે, એનું સ્રોત શી રીતે બની શકે ? યાદ આવે ઈષ્ટોપદેશ.

**जायते परमानन्दः कश्चिद्योगेन योगिनः ।**

*યોગથી યોગીને પરમ આનંદ પ્રાપ્ત થાય છે.*

આનંદ સાધનામાં છે. આનંદ આત્માની નજીક જવામાં છે. બહાર તમે ગમે તેટલું દોડો, છેવટે તો તમારે આનંદ માટે અંદર જ આવવું પડશે. આ થિયરી જ નથી, અમારો પ્રેક્ટીકલ અનુભવ પણ છે. બહારની જર્નીમાં આનંદનું સ્ટેશન ક્યાંય આવતું નથી. કારણ કે છે જ નહીં. આનંદ અંદર જ છે, માટે એ અંદર જ મળશે.

**યુરોપમાં એવા પણ લોકો છે જેમના ૫૦ વાર લગ્ન થઈ ચૂકયા છે. અમેરિકામાં એવા પણ લોકો છે જેઓ ૧૫૦ સાથી બદલી ચૂકયા છે. ઓસ્ટ્રેલિયામાં એવા પણ લોકો છે જેઓ સોનાની પથારીમાં આળોટે છે. મુંબઈમાં એવા પણ લોકો છે કે જેમને ક્યાં પૈસા રોકવા એ પ્રશ્ન છે. દિલ્લીમાં એવા પણ લોકો છે કે રોજના કરોડો રૂપિયા કમાય છે, પણ હજી સુધી એમના હાથમાં કશું આવ્યું નથી. આનંદ ખલાસ થઈ ચૂક્યો છે.**

તમે તમારા સંતાનોને કદાચ કરોડો રૂપિયા આપી દો, કદાચ ધીકતો ધંધો આપી દો, પણ જો આનંદ ન આપો, તો એનો કોઈ અર્થ નથી.

હું તમને એક પ્રશ્ન કરું ? તમારો દીકરો ઓફિસે જાય એનો તમને વધારે આનંદ ? કે ઉપાશ્રયે જાય એનો વધારે આનંદ ? દીકરો અમેરિકાથી જાપાન ઉડાઉડ કરતો હોય ત્યારે તમારો પ્રતિભાવ કેવો હોય ? ને દીકરો

ગ્લાન મહાત્માના નિદાન માટે બે-ત્રણ હોસ્પિટલ્સ ને ડાયગ્નોસિસ સેન્ટર્સમાં જઈ આવ્યો હોય ત્યારે તમારો પ્રતિભાવ શું હોય ?

‘‘બેટા, સંઘમાં ઘણા લોકો છે. તું જ બધે કુટાયા કરતો હોય છે, થોડું થોડું બીજાને સોંપતો જા.’’ આ આપણો પ્રતિભાવ હોય કે, ‘‘બેટા, આ બધી ઉડાઉડમાં આત્માનું કોઈ કલ્યાણ નહીં થાય, અઢળક પાપોથી ખરડાયેલો આ પૈસો તને શાંતિ નહીં આપે.’’ આ તમારો પ્રતિભાવ હોય ?

આખા ગામમાં ધર્મી તરીકે પ્રતિષ્ઠિત હોય, બધાને ઉપદેશ આપતા હોય એ ય દીકરાને હોંશે હોંશે ફોરેન મોકલતા હોય ને એ ઘરે હોય ત્યારે ય ધરમમાં કે સંઘના કાર્યોમાં બહુ ન પડે (!) એનું ધ્યાન રાખતા હોય, ત્યારે શું સમજવાનું ?

**આનંદનો અર્થ બંગલો નથી, આનંદનો અર્થ BMW નથી, આનંદનો અર્થ બૈરી નથી, આનંદનો અર્થ બેલેન્સ પણ નથી, આનંદનો અર્થ છે આત્માનો ઉજાસ, આત્માને સાધના દ્વારા ઉઘડવા દો. એનો ઉજાસ પ્રસરવા દો, એની સિવાય આનંદનો બીજો કોઈ જ સ્રોત નથી.**

વજસ્વામીજી વિહાર કરીને એક નગરમાં પધાર્યા છે. પ્રવચનસભા ભરાય છે. ખળ ખળ દેશના વહી રહી છે. આખી પર્ષદા ભાવિત થાય છે. પ્રવચન પૂરું થયું. બધા વિદાય થાય છે. બચે છે એક મોટા શેઠ અને એમની દીકરી. બંને વજસ્વામીને કોઈ અલગ જ નજરથી જોઈ રહ્યા છે. દીકરીની આંખમાં મોહ છે, શેઠની આંખમાં આશા છે. વજસ્વામીની આખી ય અસ્મિતામાંથી આનંદ આનંદ નીતરી રહ્યો છે.

હું તમને કહું છું - ઉથલ પાથલ કરીને આકાશ-પાતાળ એક કરીને ભાડૂતી ને તકલાદી આનંદ ગોતવાની મથામણમાં તમે આ જિંદગી વેડફી નાંખો, એના કરતાં તમે પોતે જ આનંદ બની જાઓ ને ?

યાદ આવે શ્રુતિ -

**नित्यं विज्ञानमानन्दं ब्रह्म ।**

*નિત્ય વિજ્ઞાન અને નિત્ય આનંદ એ જ આત્મા.*

**आनन्दो मे निजं रूपम् ।**

*આનંદ એ તો મારું પોતાનું જ સ્વરૂપ છે.*

એક કવિએ બહુ મજાની વાત કરી છે.

**એક ઉઘડેલા ઘરને ન જોયું માટે,**
**દીધા છે મેં ટકોરા ઘણા બંધ દ્વારને.**

વજસ્વામીએ ઉઘડેલું ઘર જોઈ લીધું હતું. ઉઘડેલું ઘર તદ્દન સમીપ છે, પણ જે એને જોતા નથી, તેઓ આખી જિંદગી બંધ દરવાજાઓને ટકોરા મારતા રહે છે. ને એ દરવાજાઓ બંધ જ રહે છે.

ટકોરાઓ મથામણ છે, ટકોરાઓ અપેક્ષા છે, ટકોરાઓ પ્રતીક્ષા છે, ટકોરાઓ મજબૂરી છે, ટકોરાઓ લાચારી છે, ટકોરાઓ દર્દ છે. ટકોરાઓ કમનસીબી છે. ટકોરાઓ પરોક્ષ હડધૂતણું છે, ટકોરાઓ ભીખ માંગવાની પ્રવૃત્તિ છે. ટકોરાઓ અસહાયતા છે.

**હોટલ કે થિયેટરમાં જાઓ ત્યારે પહેલા એક મિનિટ એટલો વિચાર કરજો કે તમે ટકોરા મારવા જઈ રહ્યા છો. રિસોર્ટ કે વોટર પાર્કમાં જાઓ ત્યારે વિચાર કરજો કે તમે ટકોરા મારવા જઈ રહ્યા છો. બિનજરૂરી શોપિંગ કે વોન્ડરિંગ કરવા જાઓ ત્યારે વિચાર કરજો કે તમે ટકોરા મારવા જઈ રહ્યા છો, હિલસ્ટેશન કે ફોરેન ફરવા જાઓ ત્યારે સમજી લેજો કે તમે ટકોરા મારવા જઈ રહ્યો છો.**

**એક ઉઘડેલા ઘરને ન જોયું એટલે.**
**દીધા છે મેં ટકોરા ઘણા બંધ દ્વારને.**

વજસ્વામી પાસે એ શ્રેષ્ઠિ આવે છે... ‘‘આ છે મારી પુત્રી રુક્મિણી. એના માટે સેંકડો માંગા છે, પણ જ્યારથી આપના ગુણગાન સાંભળ્યા ત્યારથી આપને વરી ગઈ છે.’’

જાણે કશું જ સાંભળ્યું નથી એમ વજસ્વામી સાંભળી રહ્યા છે. સ્ત્રીત્વને જોવા માટેનું અંધત્વ એટલે બ્રહ્મ. સ્ત્રીત્વને સાંભળવા માટેની બહેરાશ

એટલે બ્રહ્મ. સ્રીત્વના મનન માટેનું નિર્મનસ્કત્વ એટલે બ્રહ્મ. આનંદનો એ મહાસાગર અંતરમાં હિલોળા લેતો હોય જ્યાં ભૌતિક સુખોના ઝાંઝવાના વિચાર સુદ્ધાનો અવકાશ ન હોય. એનું નામ બ્રહ્મ.

શ્રેષ્ઠીના ઈશારા સાથે સેવકો અંદર આવતા જાય છે. દરેકના હાથમાં મોટો થાળ છે. દરેક થાળ સોનામહોરોથી છલોછલ ભરેલો છે. સેવકો આવતા જ જાય છે. એક લાખ સોનામહોર... બે લાખ... ત્રણ... લાખ... પાંચ... દશ... વીશ... પચ્ચીશ... પચાસ... લાખ... સાઠ... સિત્તેર... એંસી... નેવું ને સો...'' આ પૂરી કરોડ સોનામહોર છે. આપના માટે. ને આ રુક્મિણીનો હાથ.. કૃપા કરીને સ્વીકાર કરો.''

અર્થ અને કામ બંનેની પરાકાષ્ઠા નજર સમક્ષ છે. સામેથી આવેલી છે. પૂરો આગ્રહ છે. દુન્યવી આંખો પહોળી થઈ જાય, વિસ્મિત થઈ જાય. આકર્ષિત થઈ જાય અને લાલાયિત થઈ જાય, એવું દશ્ય સામે છે ને વજ્રસ્વામી એની સામે જોવા સુદ્ધા ઈચ્છતા નથી.

**મારે વાત આનંદની કરવી છે. વિચાર કરો કે વજ્રસ્વામીને અંદરથી શું મળ્યું હશે ? આનંદ માટેના તમારા બધા જ ધમપછાડા બરાબર એવા છે. જેમાં તમે સખત તરસ્યા છો ને પાણી પીવાને બદલે ફક્ત ન્હાયા કરો છો. તમને સ્નાનની નહીં પાણી પીવાની જરૂર છે. સ્નાનથી જરા વાર તમને ઠંડક લાગશે. ને પાછા તમે ત્યાંના ત્યાં જ રહેશો. શરદી થશે એ જુદી. વળી તરસથી કંટાળીને ન્હાયે જ રાખો એટલે ન્યુમોનિયા નક્કી.**

'આનંદ ખલાસ' નું ખરું રહસ્ય આની સિવાય બીજું કશું જ નથી. You are thirsty & you are bathing.

વજ્રસ્વામી સંપૂર્ણ તૃપ્ત છે. એ એટલા સ્વસ્થ છે કે જાણે કશું બન્યું જ નથી. જાણે કાંઈ આવ્યું જ નથી. શ્રેષ્ઠિ ફરી આગ્રહ કરે છે, ને વજ્રસ્વામી કહે છે ''આ બધાનો મારા માટે કોઈ જ અર્થ નથી.''

તમને ખરો આનંદ મળ્યો એનું માપદંડ શું ? દુનિયાને જે બધાનો

અર્થ લાગે છે, તે બધું જ તમને વ્યર્થ લાગવા લાગે, Meaning-less લાગે, તો તમે ખરો આનંદ મેળવ્યો છે.

રુક્મિણી અનિમેષ નયને જોઈ રહી છે. અને ધ્યાનથી સાંભળી રહી છે... ‘‘હું તો સાધુ છું. કંચન અને કામિનીનો ત્યાગી છું. સંયમ એ જ મારું કંચન છે ને આત્મપરિણતિ એ જ મારી કામિની છે. એમાંથી મને જે સુખનો દરિયો મળી રહ્યો છે એની તુલનામાં દુનિયાના બધા જ સુખો ટીપા જેવા છે. યા ટીપા જેવા ય નથી.’’

યાદ આવે પેલી કવિતા -

**કેમ વ્યાકુળ તું બની દોડે છે ટીપા પાછળ**
**પ્યાસને ખૂબ વધારી દે સમંદર મળશે.**

રુક્મણીનું આખું ય અસ્તિત્વ વજસ્વામીના એક એક શબ્દમાં પરોવાઈ ગયું છે. એમની વાણીને એ સુધારસ સમજીને પી રહી છે... ‘‘જો એ ખરેખર મને વરી હોય, તો એ ય આ બધી મોહમાયાને ફગાવી દે અને આ પરમાનંદના પંથે પ્રસ્થાન કરે.’’

શ્રેષ્ઠી સ્તબ્ધ બનીને સાંભળી રહ્યા છે... ને રુક્મિણી બોલી... ‘‘મને મંજૂર છે. મને દીક્ષા આપો.’’ મોહરાજાના ગાલે સણસણતો તમાચો પડ્યો. જે આનંદ લૂંટાવાનો હતો એ આનંદના ગુણાકારો થયા. જે લપસવાના હતા તે ઓર ચડ્યા. એક કરોડ સોનામહોરો ભોંઠી પડી. મોહરાજાનું રૂપ-શસ્ત્ર સુદ્ધાં હેઠું પડ્યું. ને ઋક્મિણી ખુદ એ આનંદની આસામી બનવા દીક્ષિત થઈ.

**તમે દીક્ષિત બનો કે સંસારી રહો. આનંદ પામવા તો અંદર જ જવું પડશે. બહાર આનંદ ફક્ત ખલાસ થઈ શકે છે. મળી નથી શકતો.**

**(૪) આત્મા ખલાસ** - જ્યાં આમાન્યા નથી, આત્મીયતા નથી અને આનંદ પણ નથી, ત્યાં આત્મા ખલાસ થઈ જ જવાનો છે.

છગને એના છોકરાને કહ્યું, ‘‘મેં એક છોકરી પસંદ કરી છે ને તારે એને જ પરણવાનું છે.’’ છોકરાએ ધડ્ દઈને ના પાડી દીધી. છગન કહે,

''એ બિલ ગેટ્સની દીકરી છે.'' છોકરો કહે, ''તો વાંધો નથી.'' હવે છગન ગયો બિલ ગેટ્સ પાસે. ''તમારી દીકરીને મારા દીકરા સાથે પરણાવો.'' ''ના.'' ''મારો દીકરો વર્લ્ડ બેન્કનો CEO છે.'' ''તો વાંધો નથી.'' હવે છગન ઉપડ્યો વર્લ્ડ બેન્કના પ્રેસિડેન્ટ પાસે. ''મારા દીકરાને CEO તરીકે રાખી લો.'' ''ના.'' ''એ બિલગેટ્સનો જમાઈ છે.'' ''તો વાંધો નથી.''

**જિંદગીના અઢળક વરસો આપણે રમત રમવામાં કાઢ્યા. આપણે બાળપણમાં ય રમ્યા છીએ, યૌવનમાં ય રમ્યા છીએ, ઘડપણમાં પણ આપણાથી રમત નથી છૂટતી, ફક્ત રમતના પ્રકારો બદલાય છે. છગન કદાચ આ રમતમાં અબજોપતિ બની જાય એ શક્ય છે, રમત રમીને આપણા આત્માનું આંશિક પણ કલ્યાણ થાય એ શક્ય નથી. અરે, ઉલ્ટુ એનું નખ્ખોદ વળવાનું નિશ્ચિત છે. બધે જ નાટક-નખરા કરનારા આપણે શું આપણા આત્માના હિત માટે પણ સિરિયસ નહીં બની શકીએ ?**

એક રાજા હતો. એને ચાર રાણી હતી. પહેલી રાણીની રાજાને કાંઈ પડી જ ન હતી. બીજી એને ગમતી. ત્રીજી સાથે ય એને સારું બનતું ને ચોથી પાછળ એ પાગલ હતો. એક દિવસ રાજા માંદો પડ્યો. મોત બરાબર માથે આવી ગયું હોય એવું લાગ્યું. મોત એ એવી વસ્તુ છે જે રાજા રંક - બધાને સરખા કરી દે છે. યાદ આવે પૂ. હરિભદ્રસૂરિ મહારાજા -

**दुर्लभं प्राप्य मानुष्यं, विधेयं हितमात्मनः ।**
**करोत्यकाण्डमेवेह, मृत्युः सर्वं न किञ्चन ।।**

*દુર્લભ એવું મનુષ્યત્વ પામીને*
*આત્માનું હિત કરી લેવું જોઈએ*
*મૃત્યુ*
*ક્યારે પણ આવી ચડે છે*
*ને બધું જ શૂન્ય કરી દે છે.*

રાજાને ખ્યાલ આવી ગયો છે કે હવે એ વધુમાં વધુ એક કલાક છે. એણે ચોથી રાણીને બોલાવી, ''તું મારો મોતમાં સાથ નિભાવીશ.''

એણે છણકો કરીને કહ્યું, ''હું તો બીજાને પરણીશ. જિંદગી આમ નાંખી દેવા માટે થોડી છે ?'' રાજાને સખત આઘાત લાગ્યો, એણે ત્રીજી રાણીને બોલાવી, ''તું મને મોતમાં સાથ આપીશ ?'' એણે ફટ્ દઈને કહી દીધું, ''મોત સુધી જ, પછી નહીં.''

રાજાની હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઈ. એણે બીજી રાણી સામે જોયું, એણે કહ્યું, ''હું તમારી અંતિમવિધિ બરાબર થઈ જાય એટલું જોઈશ. એથી વધુ કોઈ જ આશા ન રાખશો.''

રાજાએ આજ સુધી પહેલી રાણી સામે જોયું ન હતું. તો આ સમયે કયા મોઢે જોવે ? પણ પહેલી રાણીએ સામેથી કહ્યું, ''હું મોતમાં પણ આપનો સાથ નિભાવીશ. હું મોત પછી પણ સાથે રહીશ.'' રાજા ગળગળો થઈ ગયો. એની ખરી સાથી તો એ પહેલી રાણી જ હતી. પણ એણે હંમેશા એની ઉપેક્ષા જ કરી હતી. ને જે બધી દગાબાજ હતી એમનામાં જ એ રચ્યો પચ્યો રહ્યો હતો. પણ જિંદગી તો જતી રહી, હવે શું થાય ?

**રાજા એટલે તમે પોતે, ચોથી રાણી એટલે સંપત્તિ. તમે જાઓ એટલે સાથે તો ન જ આવે, એ બીજાની થઈ જાય. ત્રીજી રાણી એટલે શરીર, એ ગમે તેટલું વ્હાલુ હોય, એને ગમે તેટલું સાચવો, મોત આવે એટલે વાત પૂરી. એ તમારો સાથ છોડી દેવાનું. બીજી રાણી એટલે પરિવાર. એ ય સાથે ન આવે. બહુ બહુ તો અંતિમ વિધિ કરી દે. પહેલી રાણી એટલે આત્મા. એ કાયમ સાથે રહેશે. મોત સુધી પણ, મોત પછી પણ.**

પણ આપણે આખી જિંદગી એની સામે જોતા જ નથી. ને એવા કામો કરીએ છીએ, કે જેનાથી આત્મા પરલોકમાં દુઃખી દુઃખી થઈ જાય.

**આત્માને સાચવી લઈએ, નહીં તો બધું જ ખલાસ થઈ જશે.**

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું
હોય તો મિચ્છામિ દુક્કડમ્

શ્રાવણ પૂનમ, વિ. ૨૦૭૬. શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ.

## BOOKS FOR THE GENERAL PUBLIC

| | | |
|---|---|---|
| ૧. | **શિક્ષાસમીક્ષા (હિં)** | - પાઠ્યપુસ્તક વિમર્શ |
| ૨. | **શ્લોક સૌંદર્ય (ગુ.હિં.)** | - વીણેલા મોતી |
| ૩. | **એફ** - 2 | - Faith Festival |
| ૪. | **વિઝન** | - દૃષ્ટિ, જે તમારી સૃષ્ટિને બદલી દેશે |
| ૫. | **લેટર્સ** | - રાજકીય પત્રપ્રેરણા |
| ૬. | **કોરોના-સ્કેન્ડલ** | - પર્દાફાશ |

## BOOKS FOR THE JAINS

| | | |
|---|---|---|
| ૧. | **Heart જિનશાસન** | - સંઘ નહીં તો કશું નહીં |
| ૨. | **Mission જિનશાસન** | - સંપૂર્ણ સાધર્મિકભક્તિ |
| ૩. | **Plan પર્યુષણ** | - લોકડાઉન માર્ગદર્શન |
| ૪. | **પ્રયાગ** (હિં.) | - સદ્ગુણોનો ત્રિવેણી સંગમ |
| ૫. | **મિશન શેત્રુંજી** | - રક્ષા-અભિયાન |
| ૬. | **સંઘ** | - સફળ સંચાલન |
| ૭. | **ગાઈડન્સ** | - વિવિધ માર્ગદર્શન |
| ૮. | **માણિભદ્ર સંવેદના** | - આસો સુદ ૫ - સંવાદ |
| ૯. | દિવાળી | - ગુરુ ગૌતમની અનુભૂતિ |
| ૧૦. | **ગેરન્ટી** | - ડેફિનેટલી મોક્ષ |
| ૧૧. | **Vision જિનશાસન** | - સ્વપ્નિલ દૃષ્ટિ |
| ૧૨. | **એક્ચ્યુઅલ એજ્યુકેશન** | - જો તમે દીકરાના દુશ્મન હો તો નહીં વાંચતા |
| ૧૩. | **સિદ્ધાચલ-આધ્યાત્મિકયાત્રા** | - સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ - સ્તવનધારા |
| ૧૪. | **જિનપૂજા** | - પ્રેરણા-સંગ્રહ |
| ૧૫. | **પરિણતિ-પાવનયાત્રા** | - Heart જિનશાસન પ્રવચનધારા |
| ૧૬. | **બધું જ ખલાસ થઈ જાય તે પહેલા** | - જો તમે દુઃખી થવાનું નક્કી જ કરી લીધું હોય તો ન વાંચતા |

## BOOKS FOR SAYYAMI BHAGWANTS

| | | |
|---|---|---|
| ૧. | **સત્ સંવાદ** | - સંતત્વ માટે સંતોની સાથે |
| ૨. | **સંવર સંવાદ** | - સર્વકર્મના પ્રવેશ-નિષેધ માટેની વાત |
| ૩. | **સમુદાય** | - સર્વ સમુદાય ઉત્કર્ષ વિચાર |

## अहो श्रुतम् – E _ Publication

- ❊ પ્રિયમ્ – ના પુસ્તકોનું E-Publication કરવામાં આવે છે. મોટા ભાગના પુસ્તકોનું Off-set printing દ્વારા Publication થયું નથી.
- ❊ નિઃસ્વાર્થભાવે પુસ્તકો soft-copy રૂપે નિઃશુલ્ક આપવામાં આવે છે. જેના દ્વારા જિજ્ઞાસુઓ પોતાની જરૂર અનુસાર પ્રિન્ટ કાઢીને હાર્ડ-કોપી મેળવી લે છે.
- ❊ જો આપશ્રીને આમાંથી કોઈ પણ પુસ્તકની જરૂર હોય તો આપશ્રી soft-copy – ની માંગણી કરી શકશો. આપશ્રીને નિઃશુલ્ક soft-copy આપવામાં આવશે.
- ❊ **अहो श्रुतम्** પૂજ્ય સંયમી ભગવંતોને જે પુસ્તકની જરૂર હોય તેની પ્રિન્ટ કાઢીને ભક્તિભાવે પહોંચાડે છે. પુસ્તકો હાજર હોતા નથી. જરૂર અનુસાર પ્રિન્ટ કાઢવાની હોય છે. ઘણી વાર દૂરના ક્ષેત્રોમાં પુસ્તકો પહોંચાડવાની સમસ્યાઓ સર્જાતી હોય છે. જે પ્રિન્ટ અહીં કાઢીએ છીએ, તે પ્રિન્ટ દૂરના ક્ષેત્રોમાં પણ નીકળી શકે છે અને પૂજ્ય સંયમી ભગવંતોને આ રીતે તાત્કાલિક પુસ્તક મળી શકે છે. સ્થાનિક સંઘને અમે વિનંતી કરીએ છીએ કે 'શ્રીસંઘના જ્ઞાનખાતા દ્વારા ઝેરોક્ષ મશીનમાં બુકલેટનો વિકલ્પ આપીને આપ પૂજ્ય સંયમી ભગવંતોને જરૂરી પુસ્તક પૂરા પાડશો.' છતાં જો એ શક્ય ન બને તો અમે ગમે તેટલા દૂરના ક્ષેત્રમાં પણ પ્રિન્ટ્સ પાઠવવા પ્રયત્નશીલ બનશું. ફક્ત મોકલવાની પ્રક્રિયાની કેટલીક મર્યાદાઓને કારણે વિલંબ થાય, તે ક્ષન્તવ્ય ગણવા વિનંતી.
- ❊ અનેક શાસનપ્રેમીઓ પ્રભાવના આદિ માટે પુસ્તકોનું પ્રિન્ટીંગ કરાવવા માંગણી કરતા હોય છે. તેઓ અમારા દ્વારા પ્રસારિત થયેલ soft copy દ્વારા જરૂર અનુસાર પ્રિન્ટીંગ કરાવી શકે છે. જો તેમને જાતે કરાવવું અનુકૂળ ન હોય તો અમે તેમની જરૂર અનુસાર પ્રિન્ટીંગ કરાવી આપશું.
- ❊ પ્રિયમ્ – ના પુસ્તકો પર કોપીરાઈટ નથી. જિનશાસનનું આ જ્ઞાન છે, મેટર-પદાર્થમાં પરિવર્તન કર્યા વિના જેમને પણ પ્રિન્ટીંગ કરાવવું હોય, તેમણે અમને મૌખિક કે લેખિત – એકે ય રીતે પૂછવાની જરૂર નથી. જિનશાસનના પ્રસારની તેમની ભાવનાની અમે અનુમોદના કરીએ છીએ.
- ❊ સમગ્ર ચતુર્વિધ શ્રીસંઘે આ પુસ્તકોને ઉમળકાથી વધાવીને માંગણીઓ અને અનુમોદનાઓનો વરસાદ કરીને અમારો જે ઉલ્લાસ વધાર્યો છે તે બદલ અમે ખૂબ ખૂબ કૃતજ્ઞતા અનુભવીએ છીએ. આપ સૌનો ખૂબ ખૂબ ઉપકાર.

**લિ. શા બાબુલાલ સરેમલજી બેડાવાળા**

સિદ્ધાચલ, એન્સ સ્કૂલ સામે, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

Email : ahoshrut.bs@gmail.com
Whatsapp : +91 9426585904